અનુસૂચિતજાતિ/ જનજાતિ આદેશો(સુધારો) અધિનિયમ ૧૯૭૯ અન્વયે અનુસૂચિત જનજાતિ તરીકે પ્રમાણપત્રો આપવા બાબત.

**ગુજરાત સરકાર**
**મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,**
**પરિપત્ર નં. :- એસ ટી ડબલ્યુ ૧૦૭૭/ ૭૫૪૦(૭૮) જ,**
**સચિવાલય, ગાંધીનગર,**
**તા. ૨૬/૭/૧૯૭૮**

__વંચાણમાં લીધા__ :— મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો પરિપત્ર નં. એસ ટી ડબલ્યુ ૧૦૭૭/ ૭૫૪૦ (૭૮)– જ, તા. ૧૫/૫/૭૮.

__પ રિ પ ત્ર__ :—

અનુસૂચિત જનજાતિના લોકોને અનુસૂચિત જાતિ/ જનજાતિ આદેશો : સુધારો : અધિનિયમ ૧૯૭૯ અન્વયે જાતિ પ્રમાણપત્રો કાઢી આપવા માટે આમુખમાં જણાવેલ તા.૧૫/૫/૭૮ ના પરિપત્રથી જે સુચનાઓ આપવામાં આવી છે. તેના અનુસંધાને વધુ સ્પષ્ટતા કરતાં જણાવવાનું કે અનુસૂચિતજાતિ /જનજાતિ આદેશો– ૧૯૫૦માં ગુજરાત રાજ્યની અનુસૂચિત જનજાતિઓની જે યાદી આપવામાં આવી છે.અનુસૂચિતજાતિ અને અનુસૂચિત જનજાતિ આદેશો : સુધારો : અધિનિયમ–૧૯૭૯ માં ગુજરાત રાજય માટેની અનુસૂચિત જનજાતિઓની જે યાદી આપવામાં આવી છે. : નકલો સામેલ છે. : તેમાં મુખ્ય ફેરફારો નીચે મુજબ છે.

(૧) જુના આદેશોમાં ફકત સુરેન્દ્રનગર જિલ્લાની પઢારજાતિને અનુસૂચિત જનજાતિ ગણવામાં આવી હતી. નવા આદેશમાં તે વિસ્તાર મર્યાદા રદ કરવામાં આવેલ અને પઢારજાતિને સમગ્ર રાજય માટે અનુસૂચિત જનજાતિમાં ગણેલ છે. આજ પ્રમાણે જુના આદેશોમાં ભીલ અને ડોડીયાજાતિ જુના રાજકોટ ડીવીઝન સિવાયના વિસ્તારમાં અનુસૂચિત જનજાતિ તરીકે ગણવામાં આવતી હતી. નવા આદેશમાં આ વિસ્તાર મર્યાદા દૂર કરીને આ જાતિઓને સમગ્ર રાજય માટે અનુસૂચિત જનજાતિ તરીકે ગણવામાં આવી છે.

(૨) આલેચ, બરડા અને ગીરના જંગલના નેસમાં રહેતી ભરવાડ, ચારણ અને રબારી જાતિઓને જુના આદેશો પ્રમાણે અનુસૂચિત જનજાતિ તરીકે ગણવામાં આવતી હતી. તે વિસ્તાર મર્યાદા નવા આદેશોમાં પણ ચાલુ રાખવામાં આવી છે.

(૩) ફકત કચ્છ જિલ્લામાં વસતી કોળી અને વાઘરી જાતિને જુના આદેશોમાં અનુસૂચિત જનજાતિ તરીકે ગણવામાં આવતી હતી. તે વિસ્તાર મર્યાદા નવા આદેશોમાં ચાલુ રાખવામાં આવી છે.

(૪) ફકત કચ્છ જિલ્લામાં વસતી પારધી જાતિને જુના આદેશમાં અનુસૂચિત જનજાતિ તરીકે ગણવામાં આવી હતી. તે વિસ્તાર મર્યાદા નવા આદેશોમાં ચાલુ રાખવામાં આવી છે.

(૫) જુના આદેશોમાં રાજકોટ ડીવીઝન અને કચ્છ જિલ્લા સિવાયના રાજયના વિસ્તારોમાં વસતી પારધી, અડવીચીયર અને ફાગસે પારધી જાતિઓને અનુસૂચિત જનજાતિ તરીકે ગણાવવામાં આવી હતી. નવા આદેશોમાં અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ, રાજકોટ, કચ્છ અને સુરેન્દ્રનગર સિવાયના વિસ્તારમાં વસતી આ જાતિઓને અનુસૂચિત જનજાતિ ગણેલ છે. આમ તેમની વિસ્તાર મર્યાદા ચાલુ રાખવામાં આવી છે.

(૬) જુના આદેશોમાં ફકત સુરત જિલ્લામાં ઉમરગાંવ તાલુકા સિવાય બીજા તાલુકાઓમાં વસતી ચૌધરીજાતિને અનુસૂચિત જનજાતિ તરીકે ગણવામાં આવતી હતી. નવા આદેશોમાં ફકત સુરત અને વલસાડ જિલ્લામાં વસતી ચૌધરી જાતિને અનુસૂચિત જનજાતિ તરીકે ગણવામાં આવેલ છે.



૯

(૭) જુના આદેશોમાં જુના રાજકોટ ડીવીઝનમાં વસતી સીદીજાતિને અનુસુચિત જનજાતિમાં ગણવામાં આવતી હતી. નવા આદેશોમાં અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં વસતી સીદી જાતિને અનુસૂચિત જનજાતિ તરીકે ગણેલ છે. આમ તેમની વિસ્તાર મર્યાદા ચાલુ રાખવામાં આવી છે.

(૮) જુના આદેશ પ્રમાણે ફક્ત ડાંગ જિલ્લામાં કોટવાળીયા, બારોડીયાને અનુસુચિત જનજાતિ ગણવામાં આવતી હતી. નવા આદેશો પ્રમાણે આ બન્ને જાતિઓને આખા રાજ્યમાં અનુસૂચિત જનજાતિ ગણવામાં આવી છે.

(૯) ઉપર જણાવ્યા સિવાયની જે જાતિઓ જુના મુંબઈ રાજ્યના ગુજરાત ભાગમાં જુના આદેશ પ્રમાણે અનુસૂચિત જનજાતિઓ ગણાતી હતી. તે તમામ જાતિઓ નવા આદેશો પ્રમાણે આવા રાજ્ય માટે અનુસૂચિત જનજાતિઓ ગણવામાં આવી છે.

આ ફેરફારો ધ્યાનમાં રાખી અનુસુચિત જાતિ/ જનજાતિ આદેશો : સુધારો : અધિનિયમ ૧૯૭૬માંની જોગવાઈઓને અનુલક્ષીને અનુસૂચિત જનજાતિના લોકોને ખરેખર તે જાતિના છે તેની ખાત્રી કર્યા બાદ આ સાથેની નવી યાદી પ્રમાણે તેમની જાતિ અંગેના પ્રમાણપત્રો કાઢી આપવા માટે સુચના આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

કાં. જે. રાઠોડ
સેકશન અધિકારી,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, અમદાવાદ.
મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
બધા મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ.
બધા સંસદીય સચિવશ્રીઓના અંગત મદદનીશો.
સચિવાલયના બધા વિભાગો.
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
(જરૂરી સુચનાઓ બહાર પાડવા સારૂ)
બધા ખાતાના વડાઓ, બધા કલેકટરશ્રીઓ.
બધા જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
બધા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(રાજ્ય અને પંચાયત)
બધા મામલતદારશ્રીઓ, બધા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
*સચિવશ્રી, ગુજરાત રાજ્ય સેવા કમિશન, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત રાજ્યપંચાયત સેવા-પંચ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી પંચ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
મેનેજીંગ ડાયરેકટરશ્રી, અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ કોર્પોરેશન, પંચાયત ભવન, સેકટર-૧૭, ગાંધીનગર.
નિયામકશ્રી, માહિતી વિભાગ (જરૂરી અખબારી યાદી બહાર પાડવાની વિનંતી સહ)
વિભાગની બધી શાખાઓ "જ" શાખા સિવાય.
સિલેકટ ફાઈલ.

*પત્ર દ્વારા.

# અનુસૂચિત જનજાતિઓ (આદિવાસીઓ)ની યાદી

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ લૉ, જસ્ટીસ એન્ડ કંપની એફેર્સના

૨૦ સપ્ટેમ્બર-૧૯૭૬ ના એક્ટ નં. ૧૦૮ મુજબ

| | |
|---|---|
| ૧. બરડા | ૧૬. કોળી ઢોર, ટોકરે કોળી, કોલચા, કોલઘા |
| ૨. બાવચા અથવા બામચા | ૧૭. કુણબી (ડાંગ જિલ્લો) |
| ૩. ભરવાડ (આલેચ, ગીર અને બરડા જંગલના નેસ વિસ્તારમાં) | ૧૮. નાયકડા, નાયકા, ચોલીવાલા નાયકા, કાપડીયા નાયકા, મોટા નાયકા,નાના નાયકા |
| ૪. ભીલ, ભીલ ગરાસીયા, ઢોલ ભીલ, ડુંગરી ભીલ, ડુંગરી ગરાસીયા, મેવાસી ભીલ, રાવળ ભીલ, તડવી ભીલ, ભાગલીયા, ભીલાલા પાવર, વસાવા અને વસાવે. | ૧૯. પટાર |
| ૫. ચારણ (આલેચ, બરડા અને ગીર જંગલના નેસ વિસ્તારમાં) | ૨૦. પારધી (કચ્છ જિલ્લો) |
| ૬. ચૌધરી (સુરત અને વલસાડ જિલ્લામાં) | ૨૧. પારધી, અડવીચીંચર, ફુણસે પારધી (અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ કચ્છ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લા સિવાયના) |
| ૭. ચૌધરા | ૨૨. પઢેલીયા |
| ૮. ધાનકા, તડવી તેતરીયા, વાલવી | ૨૩. પોમલા |
| ૯. ઢોડીયા | ૨૪. રબારી (આલેચ, બરડા અને ગીર જંગલના નેસ વિસ્તારમાં |
| ૧૦. દુબળા, તલાવીયા, હળપતિ | ૨૫. રાઠવા |
| ૧૧. ગામિત, ગામટા, ગાવિત, માવચી, પડવી, | ૨૬. સીદી (અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં) |
| ૧૨. ગોન્ડ ,રાજગોન્ડ | ૨૭. વાઘરી (કચ્છ જિલ્લો) |
| ૧૩. કાથોડી, કાતકરી, ઢોર કાથોડી, ઢોર કાતકરી, સોન કાથોડી, સોન કાતકરી | ૨૮. વરલી (વાલી) |
| ૧૪. કોકણા, કોકણી, કુકણા | ૨૯. વિટોળીયા, કોટવાળીયા, બરોડીયા |
| ૧૫. કોળી (કચ્છ જિલ્લામાં) | |

**અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ આદેશો (સુધારો) અધિનિયમ, ૧૯૭૬ના સેકંડ શેડ્યુલમાં જણાવેલ ગુજરાત રાજ્યની અનુસૂચિત જનજાતિઓની નવી યાદી**

૧. બરડા

૨. બાવચા, બામચા

૩. ભરવાડ (આલેચ, ગીર અને બરડા જંગલના નેસ વિસ્તારમાં)

૪. ભીલ, ભીલગરાસીયા, ઢોલભીલ, ડુંગરીભીલ, ડુંગરીગરાસીયા, મેવાશી ભીલ, રાવળભીલ, તડવી ભીલ, ભાગલીયા, ભીલાલા પાવર, વસાવા અને વસાવે.

૫. ચારણ (આલેચ, બરડા અને ગીર જંગલના નેસ વિસ્તારમાં)

૬. ચૌધરી (સુરત અને વલસાડ જિલ્લામાં)

૭. ચૌધરી

૮. ધાનકા, તડવી તેતરીયા, વાલવી

૯. ઢોડીયા , ઢોડી

૧૦. દુબળા, તલાવીયા, હળપતિ

૧૧. ગામીત, ગામટા, ગાવિત, પાવચી, પડવી,

૧૨. ગોન્ડ ,રાજગોન્ડ

૧૩. કાથોડી, કાતકરી, ઢોર કાથોડી, ઢોર કાતકરી, સોન કાથોડી, સોન કાતકરી

૧૪. કોંકણા, કોકણી, કુકણા

X ૧૫. કોળી (કચ્છ જિલ્લામાં) : રદ કરવું

૧૬. કોળી ઢોર, ટોકરે કોળી, કોલચા, કોલઘા

૧૭. કુણબી (ડાંગ જિલ્લામાં)

૧૮. નાયકડા, નાયકા, ચોલીવાલા નાયકા, કાપડીયા નાયકા, મોટા નાયકા,નાના નાયકા

૧૯. પઢાર

X ૨૦. પારધી (કચ્છ જિલ્લો) : રદ કરવું

૨૧. પારધી, અડવીચીંચર, ફણસે પારધી (અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ કચ્છ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લા સિવાયનાં)

૨૨. પટેલીયા

૨૩. પોમલા

૨૪. રબારી (આલેચ, બરડા અને ગીર જંગલના નેસ વિસ્તારમાં)

૨૫. રાઠવા

સીદી બાદશાહ

૨૬. સીદી (અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં)

X ૨૭. વાઘરી (કચ્છ જિલ્લામાં) : રદ કરવું

૨૮. વાલી

૨૯. વિટોળીયા, કોટવાળીયા, બરોડીઆ